CRMA NO 2843/2023

**આંક– ૦૭**
દાખલ તારીખ: ૦૩/૦૮/૨૦૨૩
રજી. તારીખ: ૦૩/૦૮/૨૦૨૩
ફેસલ તારીખ: ૦૮/૦૮/૨૦૨૩
અવધિ : વર્ષ –, માસ–, દિવસ–૦૪

**રાજકોટના મહે.૧૦ માં એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.રાજકોટ.**
**ફોજદારી પરચુ. અરજી નં.૨૮૪૩/૨૦૨૩**

(૧) **કુલદીપભાઈ ઉર્ફે કુલી દિનેશભાઈ નદેસરીયા**
ધર્મે–હિન્દુ,ઉ.વ.૨૩, ધંધો–ધુળધોવાનો,
રહે.ચુનારીવાડ, શેરી નં.૨, રાજકોટ.
(૨) **વિજય ઉર્ફે ગડો ઉમેશભાઈ સોલંકી**
ધર્મે–હિન્દુ,ઉ.વ.૨૩, ધંધો–દુકાન,
રહે.બેડીપરા શ્રમજીવી સોસાયટી ૨૪ નો
ખુણો વીરાણી હોસ્પીટલ, રાજકોટ. ::::::::::::: **અરજદારો**
**હાલ બંન્ને સેન્ટ્રલ જેલ રાજકોટ.**

**<u>વિ રૂ દ્ધ</u>**

**શ્રી સ ર કા ર** ::::::::::::::: **સામાવાળા**

**બાબત:** **<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી.</u>**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | | |
|---|---|---|
| અરજદારો/આરોપીઓ તરફે | : | વિ.વ.શ્રી આર.એમ.વાઘેલા. |
| સરકારશ્રી તરફે | : | વિ.એ.પી.પી.શ્રી એ.એચ.જોષી. |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>ચુ કા દો</u>**

(૧) અરજદારો/આરોપીઓ વિરૂધ્ધ થોરાળા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૬૨૩૦૩૨૫/૨૦૨૩ થી ઈ. પી. કોડની કલમ–૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૪૪૭,૪૪૮,૪૫૨ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો નોંધાયેલ અને તે ગુના સબબ અરજદારો/આરોપીઓ હાલ જયુડીશ્યલ કસ્ડીમાં સેન્ટ્રલ જેલ રાજકોટ માં હોય તેઓએ હાલની આ અરજી ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજદારોએ અરજી દાખલ કરતા, સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ હાજર થઈ તપાસના કાગળો તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું આંક–૬ થી રજુ કરેલ છે.

(૩) અરજદારો/આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદારો તદન નિર્દોષ છે. તેમજ એફ.આઈ.આર.માં નામ નથી. કહેવાતા બનાવમાં અરજદારે કોઈ ભાગ ભજવેલ નથી. તેમજ અરજદારોએ કોઈ નુકશાન કરેલ નથી તેમજ આઈ.પી.સી. કલમ–૪૫૨ મુજબ ગૃહ અપપ્રવેશની જોગવાઈ છે જેમાં ૭ વર્ષની જોગવાઈની સજા છે. તેમજ આ કામના અન્ય આરોપીને સેશન્સ કોર્ટ ધ્વારા જામીન મુકત કરેલ છે જેથી હાલના અરજદારોને પેરીટીનો લાભ આપી જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે. તેમજ ફરીયાદમાં આરોપીઓનુ નામ નથી. વધુમાં દલીલ કરેલ કે, અરજદારો કુટુંબ કબીલાવાળા છે,કુટુંબના ભરણપોષણની જવાબદારી અરજદારોના શીરે છે. અરજીમાં જણાવેલ સરનામેના કાયમી નિત્ય નિવાસી છે. કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને તેઓને જામીન મુકત કરવામાં આવશે તો નામ.કોર્ટની તમામ શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. આ તમામ હકીકતો અને અરજદારો વિરૂધ્ધ આક્ષેપીત ગુનાનો પ્રકાર તથા સજાની જોગવાઈ ધ્યાને લઈ હાલની આ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી.એ એવી રજુઆત કરેલ છે કે, આ કામની ફરીયાદ જોતા આ કામના ફરીયાદીના ભાઈ સાહેદ વિજયભાઈ ગોહેલને આ કામના આરોપીઓ સાથે આગઉ થયેલ ઝઘડાનો ખાર રાખી આ કામના આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી હુલ્લડ કરી ફરીયાદીના માસી ઘરપર સોડા બોટલ તથા પથ્થરના છુટા ઘા કરી તથા ફરીયાદીના ઘરમાં ગુનાહિત અપપ્રવેશ કરી ઘરના માલસામાનની તોડફોડ કરી અંદાજે રૂ.૫૦,૦૦૦/– થી

વધારેનું નુકશાન કરી મ્હે. પોલીસ કમીશ્નર સાહેબના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. જેથી તેઓના જામીન નામંજુર કરવા અરજ ગુજારેલ છે. તેમજ આ કામના અરજદાર/આરોપી નં.૨ વિરૂધ્ધ અન્ય છ ગુન્હાઓ નોંધાયેલ છે તેમજ તપાસ હજુ ચાલુ છે જો જામીન મુકત કરવામાં આવે તો નાશી ભાગી જવાની પુરેપુરી સંભાવના છે. જેથી હાલના અરજદારો/ આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવશે તો પોલીસ તપાસમાં સાથ સહકાર નહી આપે અને ટ્રાયલ વખતે હાજર નહીં રહે તેવી શકયતા રહેલ છે. જેથી અરજદારોની જામીન અરજી રદ્દ કરવી જોઈએ.

(૫) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત, અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, તપાસના કાગળો તથા તપાસનીશ અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. પોલીસ તપાસના કાગળો તથા ફરીયાદ હકીકત વંચાણે લેતા, આ કામના ફરીયાદીના ભાઈ સાહેદ વિજયભાઈ ગોહેલને આ કામના આરોપીઓ સાથે આગઉ થયેલ ઝઘડાનો ખાર રાખી આ કામના આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી હુલ્લડ કરી ફરીયાદીના માસી ઘરપર સોડા બોટલ તથા પથ્થરના છુટા ઘા કરી તથા ફરીયાદીના ઘરમાં ગુનાહિત અપપ્રવેશ કરી ઘરના માલસામાનની તોડફોડ કરી અંદાજે રૂ.૫૦,૦૦૦/- થી વધારેનું નુકશાન કરી મ્હે. પોલીસ કમીશ્નર સાહેબના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલાનો આક્ષેપ છે. પરંતુ ફરીયાદમાં અરજદારનું નામ જણાવેલ નથી. તેમજ તપાસના કામે અરજદારોની જરૂરીયાત હોય તેવુ સોગંદનામામાં જણાવેલ નથી. તેમજ આ કામના અરજદારો વિરૂધ્ધ અન્ય છ ગુન્હાઓ નોંધાયેલ છે જે ગુન્હા સબબ અરજદારો જામીન મુકત હોય તેવુ જણાય આવે છે. તેમજ આ કામના અન્ય આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે જેથી હાલના અરજદારોને પેરીટીનો લાભ આપી જામીન મુકત કરવા ન્યાયોચિત જણાય આવે છે.

તેમજ આક્ષેપાયેલ ગુન્હાની સજાની જોગાવઈ જોતા સાત વર્ષની છે. તે તમામ હકિકતો ધ્યાને લેતા અરજદારો/આરોપીઓને જામીન કડક શરતોને આધિન જામીન મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું મારું માનવું છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

-// **હુ ક મ** //-

અરજદારો/આરોપીઓની હાલની આ ફોજદારી પરચુરણ અરજી નં.૨૮૪૩/ ૨૦૨૩ મંજુર રાખવામાં આવે છે.

**અરજદારો/આરોપીઓએ થોરાળા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૬૨ ૩૦૩૨૫/૨૦૨૩ થી ઈ. પી. કોડની કલમ-૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૪૪૭, ૪૪૮,૪૫૨ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧)** મુજબના ગુન્હાના કામે દરેક અરજદાર/ આરોપીએ રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) રોકડા નામદાર ટ્રાયલ કોર્ટમાં જમા કરાવેથી તથા તેટલી જ રકમના જામીન તથા જાત જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન ક્રિ. પ્રો. કોડની કલમ-૪૩૯ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

/૧/ અરજદારો/આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેંડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા, ફોડવા પ્રયત્ન કરવો નહી.

/૨/ અરજદારો/આરોપીઓએ તેમની વિરૂધ્ધના કેસનો આખર નીકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

/૩/ અરજદારો/આરોપીઓએ પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધીત કોર્ટમાં દિન-૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું રજુ કરવુ.

/૪/ અરજદારો/આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

/૫/ અરજદારો/આરોપીઓએ તેમના રહેણાંકનું પુરુ સરનામું મોબાઈલ નંબર સાથે લેખીત સોગંદનામાથી પુરસીસથી નીચેની કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવુ અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

/૬/ અરજદારો/આરોપીઓએ આ પ્રકારના અન્ય કોઈ ગુનામાં સંડોવાવું નહિ.

જામીન સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ આપવા.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આજરોજ તારીખ ૦૮મી, માહે–ઓગષ્ટ, સને:૨૦૨૩ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૮/૨૦૨૩ **(ભરત ભાસ્કરભાઈ જાદવ)**
રાજકોટ. ૧૦મા એડી. સેશન્સ જજ,
રાજકોટ.
UIC No. GJ00714